### શિક્ષણ વિભાગ જક્કી વલણ છોડે

# બાયડને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું હંગામી પરીક્ષા કેન્દ્ર ફાળવો : વાલીઓની માંગ

## બાયડ તાલુકામાં કોરોનાના ૯૦૦ થી વધુ કેસ, અનેક વિદ્યાર્થીઓ અને તેમના વાલી પણ સંક્રમિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્યમાં કોરોના બેકાબુ બનતાં સરકાર અને તેના વિભાગોએ અનેક મહત્વના નિર્ણય લીધા છે. અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકામાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ૯૦૦ થી વધુ લોકો સંક્રમિત હોવાની આશંકા છે અને હજી કેસમાં ઉછાળો આવી રહ્યો છે ત્યારે બાયડનું રદ કરેલું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર હંગામી ધોરણે ૧ વર્ષ માટે શરૂ કરી બોર્ડ પરીક્ષાનું આયોજન થાય તેવી વાલીઓએ માંગ કરી છે. શિક્ષણ વિભાગ ૧ વર્ષ પૂરતું કોરોનાની મહામારીને ધ્યાને રાખી જક્કી વલણ છોડે તેવું ઈચ્છી રહ્યા છે.

બાયડ તાલુકો અને બાયડ એટલે હવનમાં હાડકાં નાખનારાઓનો તોટો નથી. હેરાન કરનારો જ પછી બચાવમાં આવી જાય એટલે કળીયુગમાં સાચું કોણ અને ખોટું કોણ..તે પારખવું મુશ્કેલ બની જાય છે. બાયડમાં ધો.૧૦ અને ૧૨ ના પરીક્ષા કેન્દ્રોને બદનામ કરનારા આજે પણ વિદ્યાના શ્રાપના કારણે પૂરતું શિક્ષણ લઈ શક્યા નથી. ૨ વર્ષ અગાઉ બાયડ પરીક્ષા કેન્દ્રમાં એક વિદ્યાર્થીની ભૂલના કારણે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર રદ કરી દેવામાં આવ્યું છે. જેથી બાયડ, તેનપુર, ભુડાસણ, ડેમાઈ, સાઠંબા, ગાબટમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ૪૦૦ છાત્રોને બોર્ડ પરીક્ષા આપવા માટે સરેરાશ ૩૨ થી ૬૦ કી.મી.નું અંતર કાપી મોડાસા જવાની નોબત આવી છે. મોડાસામાં યોજાયેલી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષા દરમ્યાન પણ શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયાનું જગજાહેર છે. બાયડ તાલુકામાં કોરોના સંક્રમણ બેકાબુ છે. આ સંજોગોમાં વર્તમાન કોરોનાની વિસ્ફોટક સ્થિતિને ધ્યાને રાખી બાયડમાં માત્ર ૧ વર્ષ પૂરતું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર આપવું જોઈએ તેવી બાયડ, ડેમાઈ, સાઠંબા, ગાબટ સહિતના વિસ્તારોના વાલીઓએ માંગ કરી છે.

**સ્થાનિક સ્ટાફ માટે આશંકા હોય તો બહારનો સ્ટાફ રાખી પરીક્ષા લો : વાલીઓ**

બાયડ : બાયડને ફાળવવામાં આવેલું ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરીક્ષા કેન્દ્ર અત્યાર સુધીમાં બે વાર રદ કરવામાં આવ્યું છે. અત્યારે હાલ સ્થિતિ કોરોનાના કારણે નાજૂક છે. આ સંજોગોમાં ૪૦૦ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના આરોગ્યની ચિંતા કરી બાયડમાં ૧ વર્ષ માટે બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર હંગામી ધોરણે ફાળવી મે. મહિનામાં પરીક્ષા યોજવી જોઈએ. સ્થાનિક સ્ટાફ માટે કોઈ આશંકા હોય તો બહારનો સ્ટાફ રાખી બાયડમાં જ પરીક્ષા લેવી જોઈએ તેવું રવિ પટેલ, પંકજ પટેલ સહિતના વાલીઓએ જણાવ્યું છે.

### કુખ્યાત ગુનેગાર ઝડપાતાં ખાખીમાં ખુશી

# એલ.સી.બી.ને સફળતા : ડોડીસરા મર્ડર કેસ, પોલીસ ઉપર હુમલો અને હથિયાર આંચકી લેવાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

## ભંવરલાલ ઉર્ફે સૂકા ડુંડની પોલીસ યોગ્ય સરભરા કરશે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી એલ.સી.બી.ની ટીમે ૪ મહિના અગાઉ ભિલોડાના ડોડીસરા ગામે થયેલ મર્ડર કેસના વોન્ટેડ આરોપી ભંવરલાલ ઉર્ફે સૂકા બાબુભાઈ ડુંડ (રહે.નાનાડોડીસરા)ને ઝડપી વધુ પૂછપરછ માટે ભિલોડા પોલીસને સોંપવામાં આવ્યો છે. કુખ્યાત ગુનેગાર ઝડપાતાં અન્ય ગુનાના ભેદ ઉકેલાઈ શકે છે. પોલીસની દોડધામ પછી પોલીસને પાછળ પાછળ દોડાવનાર આરોપી ઝડપાતાં ખાખી વર્દીની છાતી ગજગજ ફૂલવા લાગી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર તાલુકાના ડોડીસરા ગામે ગત તા.૨૪ નાવેમ્બાર-૨૦૨૦ના રોજ ૨ ઈસમોનું અપાહરણ કરી મેલી વિદ્યા કરાવતા હોવાનો આરોપ મૂકી હુમલાખોરોએ કડવા નાનજીભાઈ ગામેતીને લોખંડની પાઈપ મારી મોતને ઘાટ ઉતાર્યા હતા તેમજ મુખ્ય સૂત્રાધારે વિજ કરંટના ઝટકા આપી પિશાચી કૃત્ય કરી ફરાર થઈ ગયો હતો જેથી ભિલોડા પોલીસે મર્ડર, અપહરણનો ગુનો નોંધી ગુનામાં સામેલ આરોપીઓને શોધવાના પ્રયાસ કર્યા હતા જેમાં અનેક ગુનામાં વોન્ટેડ મર્ડર કેસનો આરોપી ઝડપાતાં ખાખીમાં ખુશી છવાઈ છે. હત્યારાએ અગાઉ શામળાજી પોલીસ ઉપર રેડ દરમ્યાન હુમલો કરી રાયફલ લૂંટી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ દારૂની રેડ કરવા આવેલ સ્ટેટ વિઝીલન્સ ઉપર હુમલો અને ૪ વર્ષ અગાઉ કાકાની હત્યાના ગુનામાં પણ તે સામેલ રહ્યો છે. કુખ્યાત વોન્ટેડ આરોપી ઝડપાયો છે ત્યારે પોલીસ તેની યોગ્ય સરભરા કરશે કે કેમ..?? તેના ઉપર પંથકની પ્રજાની મીટ ભંડાઈ છે.

# હિંમતનગર પાલિકાની વિવિધ સમિતિના ચેરમેન નિમાયા

## કારોબારી અધ્યક્ષ સાવન દેસાઈ, લીગલ સમિતિ ચેરમેન જાનકી રાવલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

હિંમતનગર પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી ગત રોજ તમામ સમિતિના ચેરમેન-સભ્યોની નિયુક્તિ જાહેર થઈ છે. કારોબારી અધ્યક્ષ સાવન દેસાઈ, જાહેર બાંધકામ સમિતિ ચેરમેન કિરીટભાઈ શાહ, લીગલ સમિતિ ચેરમેન જાનકીબેન અમિતભાઈ રાવલની નિયુક્તિ કરાઈ છે.

| સમિતિ | ચેરમેન |
|---|---|
| કારોબારી સમિતિ | સાવન લલ્લુભાઈ દેસાઈ |
| જાહેર બાંધકામ સમિતિ | કિરીટભાઈ જી. શાહ |
| સ્વચ્છ ભારત પર્યાવરણ સમિતિ | જીનલબેન એચ. પટેલ |
| નગર આયોજન સમિતિ | વિમલ એ. ઉપાધ્યાય |
| પાણી પુરવઠા સમિતિ | સવજીભાઈ જી. ભાટી |
| આરોગ્ય સમિતિ | રાજુભાઈ કે. દેસાઈ |
| મિકેનિકલ વાહન સમિતિ | રાકેશ પી. પટેલ |
| દિવાબત્તી સમિતિ | દિલીપ જે. પટેલ |
| ગટર યોજના સમિતિ | જીજ્ઞેશ ડી. પટેલ |
| બગીચા અને ઉત્પાદન સમિતિ | નયનાબેન એન. પ્રજાપતિ |
| સ્ટાફ સમિતિ | યતિનબેન મોદી |
| સીટીબસ, એમ્બ્યુલન્સ, ફાયર સમિતિ | ગોવિંદસિંહ યુ. રાઠોડ |
| ગુમાસ્તાધારા સમિતિ | હેતલબેન ડી. અમીન |
| લીગલ સમિતિ | જાનકીબેન એ. રાવલ |
| સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર સમિતિ | હંસાબેન એમ. ચિત્રોડા |
| ટાઉનહોલ સમિતિ | નિરૂબેન જે. પટેલ |
| વસુલાત સમિતિ | રાજેશકુમાર કે. શર્મા |
| સમાજ કલ્યાણ સમિતિ | પ્રિયંકાબેન સી. સડાત |
| ગરીબ આવાસ યોજના સમિતિ | દિપકભાઈ કે. વાઘેલા |
| લાયબ્રેરી અને શિક્ષણ સમિતિ | શશીકાન્ત એમ. સોલંકી |
| મુખ્ય મંત્રી સુવર્ણજ્યંતિ યોજના સમિતિ | કુંતલબેન ડી. ગોર |
| દબાણ સેલ સમિતિ | ગોપાલભાઈ કે. પ્રજાપતિ |
| વ્યવસાય વેરા સમિતિ | ચેતનાબેન એમ. શાહ |

# અરવલ્લીની શાળાઓના ૫૯ શિક્ષકોને કોરોનાગ્રસ્ત લોકો સાથે ટેલિફોનિક કાઉન્સેલિંગ કરવા આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે કોરોના સંક્રમિત દર્દીઓ માનસિક રીતે ભાંગી પડ્યા છે તેવા ભ્રમ સાથે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કુલ-૫૯ શિક્ષકોને કોરોનાગ્રસ્ત દર્દી સાથે ટેલિફોનિક, મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ કરવા અને તેને સંલગ્ન સોંપવામાં આવતી કામગીરી કરવા આદેશ થયા છે. રાજ્યમાં અગાઉ શિક્ષકોને તિડ ઉડાડવા પછી કોરોનાગ્રસ્ત મૃત્યુ પામેલા મડદાં ગણવાની કામગીરી અને હવે શિક્ષકોને નવી જવાબદારી સોંપાતાં વિભાગ શિક્ષકોને શિક્ષક તરીકેની ભૂમિકા ભૂલાવવા માગતો હોય તેવું ચિત્ર ઉભું થયું છે. છાશવારે અઘરાં અને જીવલેણ કામ શિક્ષકોને સોંપ્યા કરતાં અધિકારીઓને કેમ કામગીરી ઉપર મોકલાતા નથી..?? જિલ્લાના શિક્ષક સંઘોના આગેવાનોએ હવે હાજી..હાજી કર્યા વગર તંત્રના જડ નિર્ણયો સામે આક્રમકતાથી અવાજ ઉઠાવવો પડશે અન્યથા આવનારા દિવસોમાં શિક્ષકોને સફાઈ કરવા માટે મોકલે તો પણ આશ્ચર્ય પામવા જેવું નહીં હોય.

**અગાઉ તિડ ઉડાડવા પછી મડદાં ગણવાની કામગીરી પછી શિક્ષકોને નવી જવાબદારી, અધિકારીઓને કેમ મોકલતા નથી..!!**

સરકાર અને તેના વિભાગો ખાસ કરીને પ્રાથમિક અને હાઈસ્કુલોના શિક્ષકોને શું સમજી બેઠા છે કે ઉંઘમાં સ્વપ્નું આવે અને સવારે તેમને કામગીરી માટે ગમે ત્યાં આદેશ કરવામાં આવે છે. એક રીતે સંઘોનું મહત્વ હવે રાજ્ય સ્તરે રહ્યું નથી તેના કારણે જ શિક્ષકો વારંવાર યેનકેન પ્રકારે અપમાનિત થઈ રહ્યા છે. શાળાઓ બંધ કરવાનો પરીપત્ર તા.૫ એપ્રિલથી થયો છે છતાં એકપણ બાહોશ નેતા કે શિક્ષકોના આગેવાનો શાળાઓ બંધ કરવા બાબતે બોલવાની હિંમત દાખવી નથી જેના કારણે સેંકડો શિક્ષકો કોરોનાગ્રસ્ત થયા. માલપુર હાઈસ્કુલની શિક્ષિકાનું કોરોનાથી મોત નિપજ્યું તો પણ વિભાગ સામે અવાજ ઉઠાવવાની કોઈની હિંમત નથી. અન્યાય સામે અવાજ નહીં ઉઠાવો તો આવતી કાલ ભેંકાર હશે તેમાં કોઈ બેમત નથી. આજે જિલ્લાની પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કુલોના શિક્ષકો અને તેમના પરિવારના અનેક સભ્યો કોરોના સંક્રમણમાં આવી ગયા છે. કેટલાકને સારવાર પછી આરામ થયો છે તો કેટલાક હજુ સારવાર લઈ રહ્યા છે. આવા સમયે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીએ નિવાસી અધિક કલેક્ટરના પત્ર સંદર્ભે જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણમાં આવેલા લોકો સાથે ટેલિફોનિક મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ કરવા તથા તે સંલગ્ન સોંપવામાં આવતી અન્ય કામગીરી કરવા માટે ૬ તાલુકાની ૫૯ શાળાઓના શિક્ષકોને નામ જોગ આદેશ કર્યા છે. શિક્ષકો પોતાના જીવની પરવા કર્યા વગર શાળામાં જતા હોય છે તો પછી ઘેરબેઠાં અન્ય કોઈનો જીવ બચતો હશે તો ૫૯ શિક્ષકો નહીં પરંતુ જિલ્લાના તમામ ૬૨૦૦ શિક્ષકો આવી માનવીય કામગીરી કરવા માટે તૈયાર છે પરંતુ શિક્ષકોને કોરોના ભરખી રહ્યો છે છતાં શાળાઓ બંધ કરવાનું શિક્ષણના મુખીયાઓને કેમ સૂઝતું નથી..??

## સંક્ષિપ્ત સમાચારો

### બાયડ-રડોદરા પટેલ સમાજનું ગૌરવ



બાયડ : બાયડની સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧ના રહીશ(મૂળ રહે.રડોદરા) જીતેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ(જે.એસ.મહેતા હાઈસ્કુલ-ધનસુરા) અને રાગીણીબેન પટેલ(લાખેશ્વરી પ્રા.શાળા-બાયડ)ની પુત્રી કુ.આનલ પટેલે ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ ફાઈનલ યર એમ.બી.બી.એસ. પરીક્ષામાં જી.સી.એસ. મેડીકલ કોલેજ-અમદાવાદમાં ડીસ્ટ્રીક્શન સાથે ઉત્તિર્ણ થઈ સમસ્ત આંજણા પાટીદાર સમાજ, બાયડ-રડોદરા ગામનું ગૌરવ વધારતાં સંદિપભાઈ પટેલ(ગાયત્રી ઈલેક્ટ્રીકલ-બાયડ), ડૉ.અલ્પેશભાઈ પટેલ(મલ્હાર ચિલ્ડ્રન હોસ્પિટલ-બાયડ) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

### નાયક સમાજનું ગૌરવ



બાયડ : હિંમતનગરના ડૉ.જગદીશભાઈ નાયક(પ્રગતિ સર્જીકલ હોસ્પિટલ-હિંમતનગર), ભાવનાબેન નાયકની પુત્રી યશ્વી નાયકે ગુજરાત યુનિ.દ્વારા લેવાયેલ ફાઈનલ યર એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં એન.એચ.એલ. મેડીકલ કોલેજ-અમદાવાદમાંથી ઉત્તિર્ણ કરી સમસ્ત નાયક સમાજનું ગૌરવ વધારતાં ડૉ.અશ્વિનભાઈ નાયક, સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા નાયક યુવા સંગઠન પ્રમુખ ડૉ.અતુલભાઈ નાયક, પૂર્વ કન્વિનર ડૉ.સોહમ નાયક વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

### ગ્રોમોર આર્ટસ કોલેજ-હિંમતનગરમાં કોમ્યુનિકેશન સ્કીલ ઉપર વેબિનાર

બાયડ : હિંમતનગરની ગ્રોમોર આર્ટસ કોલેજ દ્વારા કોમ્યુનિકેશન સ્કીલ ઉપર વેબિનાર યોજાઈ ગયો જેમાં કોમ્યુનિકેશન સ્કીલનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા જેમાં આર્ટસ વિભાગના તમામ છાત્રોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. પ્રોગ્રામનું આયોજન આર્ટસ ફેકલ્ટીના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ જૈમિન ભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્રો.વિરલ રાવલ દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાના સેન્ટર હેડ, પ્રિન્સીપાલ પ્રો.ભરત સુથાર, શૈલેષ માકાણી ઉપસ્થિત રહ્યા હતા.કોમ્યુનિકેશન સ્કીલ વેબિનારના સફળ આયોજન બદલ ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, એચ.જે.પટેલ, જે.ડી.પટેલ, કેયૂર પટેલે સૌનો આભાર માન્યો હતો.




# હિંમતનગરના પીપલોદી બસ સ્ટેન્ડ નજીક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા આધેડનું કરૂણ મોત

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા પિપલોદ બસ સ્ટેન્ડ નજીક ગતરોજ ગુરુવારે રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં એક અજાણ્યા વાહનચાલકે જેઠીપુરા ગામના આધેડ વયની વ્યક્તિને અડફેટે લઈ ટક્કર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુંજે અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

**અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું**

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા પિપલોદી બસ સ્ટેન્ડ પાસે ગતરોજ ૮ એપ્રિલ ૨૦૨૧ ના રોજ આશરે સાતેક વાગ્યાના સુમારે હિંમતનગર તાલુકાના જેઠીપુરા ગામમાં રહેતા ભીખુસિંહ વેચાતસિહ રાઠોડ ઉ.વ.૫૦ રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી વાહનચાલકે અડફેટે લેતા શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ભીખુસિહ વેચાતસિંહ રાઠોડ ને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યું હતું જેને પગલે મરણ જનાર આધેડના કુટુંબી સદસ્ય દ્વારા હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# આંતર સમાજમાં લગ્ન કરનાર યુવકની પત્ની લગ્ન બાદ ફરાર થઈ જતા રૂ. ૨.૩૦ લાખ લઈ લગ્ન કરાવી આપનાર મહિલા દલાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

- *ચિતરીયા ગામની મહિલાએ યુવક-યુવતીના મંદિરમાં ફુલહાર કરાવી ભિલોડાની વીરપુર ગ્રામ પંચાયતમાં કોર્ટ મેરેજ કરાવ્યા હતા*
- *લગ્નના બીજા દિવસે મારી માતાની કોરોના થયો છે હું બે-ત્રણ દિવસમાં પાછી આવી જઈશ એમ કહી યુવતી ફરાર થઈ ગઈ હતી*
- *મહિલા દલાલે તમારા ભત્રીજા ના લગ્ન કરાવી આપ્યા હવે મારી કોઈ જવાબદારી નહી એવું જણાવી ધાક ધમકી આપતા મહિલા દલાલ વિરુદ્ધ ચિઠોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ*

હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના સામૈયા ગામમાં રહેતા પ્રવીણભાઈ ભીખાજી પટેલે પોતાના ભત્રીજા ના લગ્ન આંતર સમાજ માં કરાવવા માટે વિજયનગર તાલુકાના ચિતરિયા ગામમાં રહેતા મહિલા સૂર્યાબેન ભટ્ટનો સંપર્ક કર્યો હતો ત્યારબાદ સૂર્યાબેન દ્વારા અમદાવાદના દાસ્તા સર્કલ ખાતે રહેતી યુવતી યુવતી સાથે વિજયનગર તાલુકાના સામ્ય ગામમાં આવેલ મહાદેવના મંદિર ખાતે પ્રવીણભાઈ ના ભત્રીજા ના લગ્ન કરાવી આપી ત્યારબાદ ભિલોડાની વિપુર ગ્રામ પંચાયત ખાતે કોર્ટ મેરેજ કરાવી આપ્યા બાદ અમદાવાદની યુવતી મારી માતા ને કોરોના થયો છે હું બે-ત્રણ દિવસમાં પાછી આવી જઈશ તેમ કહી ફરાર થઈ ગઈ હતી ફરાર થઈ ગયેલી યુવતી પરત નહી આવતા પરણિત યુવક તથા પ્રવીણભાઈ સૂર્યાબેન નો સંપર્ક કરતા હવે મારે કઈ લેવાદેવા નથી એવી ધાક ધમકી આપી કાઢી મુકતા પ્રવીણભાઈ પટેલ ચિથોડા પોલીસ મથકે મહિલા દલાલ સૂર્યાબેન વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડી અંતર્ગત ગુનો નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

ચિઠોડા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ તથા ફરિયાદીના જણાવ્યા અનુસાર સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના સામૈયા ગામમાં રહેતા પ્રવિણકુમાર ભીખાજી પટેલનાં ભત્રીજા દીક્ષિતભાઈ પોપટભાઈ પટેલ પુખ્ત વયના થયા હોવા છતાં લગ્ન માટે સમાજમાં કન્યા મળી શકે એમ ન હોવાથી આંતર સમાજ માં લગ્ન કરાવવા ઈચ્છુક પ્રવીણભાઈએ વિજયનગર તાલુકાના ચિતરિયા ગામમાં રહેતા સૂર્યાબેન શશીકાંતભાઈ ભટ્ટનો સંપર્ક કર્યો હતો ત્યારબાદ સૂર્યાબેન દ્વારા દીક્ષિત ભાઈના લગ્ન આંતર સમાજમાં કરી આપવા માટે હૈયાધારણ આપી રોકડ રકમ રૂ ૨,૩૦,૦૦૦/- સ્વીકારી ગતરોજ ૯ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ વિજયનગર તાલુકાના સામૈયા ગામમાં આવેલ મહાદેવના મંદિર ખાતે દીક્ષિત ભાઈ ના લગ્ન અમદાવાદ ખાતે રહેતી યુવતી રેખાબેન મહેન્દ્રસિંહ રાઠોડ સાથે ફુલહાર કરી કરાવી આપ્યા હતા ત્યારબાદ ૧૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ભિલોડાના વીરપુર ગ્રામ પંચાયત ખાતે દીક્ષિત ભાઈ તથા અમદાવાદની યુવતી રેખાબેન રાઠોડ બંનેના કોર્ટ મેરેજ કરવામાં આવ્યા હતા ત્યારબાદ કોર્ટ મેરેજ ના બીજા દિવસે અમદાવાદની યુવતી રેખાબેને મારી મમ્મી ને કોરોના થયો છે હું બે-ત્રણ દિવસમાં પાછી આવી જઈશ એમ કહી ફરાર થઈ ગઈ હતી જેને પગલે દીક્ષિત ભાઈ તથા પરિવારજનોએ ૨૦ દિવસ રાહ જોયા બાદ રેખાબેન નામની યુવતી પરત નહીં આવતાં અને મોબાઈલ સ્વીચ ઓફ કરી દેતાં બંને યુવક-યુવતીના ૨.૩૦ રોકડા સ્વીકારી લગ્ન કરાવી આપનાર વિજયનગરના ચિતરીયા ગામમાં રહેતા સૂર્યાબેન ભટ્ટનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારબાદ મહિલા દલાલ સુર્યાબહેને દીક્ષિત ભાઈ તથા પ્રવીણભાઈ સહિત પરિવારજનોને તમારા ભત્રીજાના લગ્ન કરાવી આપ્યા હવે મારી કોઈ જવાબદારી નથી તેમ કહી ધાક-ધમકી આપી કાઢી મુક્યા હતા ત્યારબાદ દીક્ષિતભાઈ તથા પ્રવીણભાઈ ને પોતાની સાથે છેતરપિંડી થઈ હોય એવું પ્રતીત થતા ચિઠોડા પોલીસ મથકે મહિલા દલાલ સુર્યાબહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૪૨૦ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

## જન્મદિને વધામણી


માર્યા ધર્મેન્દ્રકુમાર ચૌધરી
નવીશિણોલ, તા.ધનસુરા


વેદાંત મયંકકુમાર ચૌધરી
દખણેશ્વર, તા.બાયડ


જીત હરેશભાઈ ત્રિવેદી
(પત્રકાર-ભિલોડા)


મનહરસિંહ સોલંકી
બાયડ


વેદમિત્ર પટેલ
બાયડ


મુકેશભાઈ પટેલ
ડેમાઈ, તા.બાયડ


નટવરભાઈ એલ. પટેલ
(નિવૃત્ત અધિકારી : સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક)
આકરૂન્દ, તા.ધનસુરા


નિવાન જતીનકુમાર પટેલ
બાયડ જિ. અરવલ્લી

**ઘરમાં રહો સુરક્ષિત રહો**